# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

ફોર્મ કિંમત રૂા. ૫૦/-

## મહાનગર સેવા સદન, અમદાવાદ

## ઘર માટેનું અરજી પત્રક

અરજદારનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો ચોંટાડીને તેના ઉપર અરજદારશ્રીએ સહી કરવાની રહેશે.

**અરજી ફોર્મ નંબર :: E 4 PA**

**(દરેક ફોર્મનો નંબર અલગ હોઈ નકલ સ્વીકારાશે નહીં)**

**ઈ.ડબલ્યુ.એસ./E.W.S. Phase - IV**

મહત્વની સૂચના :-

(૧) અરજદારે પોતાના બેંક એકાઉન્ટનો કેન્સલ કરેલ મૂળ ચેક તથા બેંક એકાઉન્ટની પાસબુકની પ્રથમ પાનાની ઝેરોક્ષ નકલ અરજીફોર્મ સાથે ફરજિયાત સામેલ કરવાની રહેશે.

(૨) રીઝર્વ કેટેગરીના અરજદારોએ પોતાની જાતિ અંગેના ગુજરાત રાજયના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજી ફોર્મની સાથે ફરજિયાત સામેલ કરવાની રહેશે.

(૩) હેન્ડીકેપ, અંધ-અપંગ અરજદારોએ વિકલાંગતાનો લાભ મેળવવા (૪૦ % કે તેથી વધુ વિકલાંગતા અંગેનું) સિવિલ સર્જનના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજી ફોર્મની સાથે ફરજિયાત સામેલ કરવાની રહેશે.

(૪) ફોર્મમાં ખોટી માહિતી ભરવાથી રદ્ થનાર ફોર્મ બાબતે અથવા રીફંડ બાબતે ઉદ્ભવતા પ્રશ્નોનો સંપૂર્ણ જવાબદારી અરજદારની રહેશે. માટે તમામ વિગતો સાચી અને સ્પષ્ટ લખવી.

(૫) કુટુંબદીઠ એક ફોર્મ ભરી શકાશે. એકથી વધુ ફોર્મ ભરેલ માલૂમ પડશે તો તમામ ફોર્મ/એલોટમેન્ટ રદ કરી ભરેલ ડીપોઝીટની પૂરેપૂરી રકમ જપ્ત કરવામાં આવશે.

(૬) ફોર્મની તમામ વિગતો ફરજીયાત ભરવાની રહેશે. અધુરા ભરેલ ફોર્મ અમાન્ય રહેશે.

(૧) અરજદારે પોતે પોતાને લાગુ પડતી કેટેગરીમાં જ (✓) કરવાનું રહેશે. (અરજદાર પોતે એક કરતાં વધુ કેટેગરીમાં આવતા હોય તો તેવા કેસમાં જે કેટેગરીનો લાભ લેવા માંગતા હોવ તેવી કોઈ એક જ કેટેગરીનાં ખાનામાં (✓) ટીક કરવું.) જો એક કરતાં વધુ ખાનામાં (✓) ટીક કરેલ હશે તો ભરેલ ફોર્મ આપો આપ રદ થયેલું ગણાશે.

| કેટેગરી (જુથ) | અનુસુચિત જાતી (S.C.) | બક્ષીપંચ (S.E.B.C.) | અંધ/અપંગ (૪૦% કે તેથી વધુ વિકલાંગતા) Blind/ Handicapped | અનુસુચિત જનજાતી (S.T.) | લશ્કર (DEFENCE) | અન્ય (GENERAL) |
|---|---|---|---|---|---|---|
| અનામતનું પ્રમાણ | ૭% | ૧૦% | ૩% | ૧૪% | ૧૦% | |
| ટીક કરવાનું ખાનું | | | | | | |

કેટેગરીનું નામ :- .................................................................................. (ટીક કરેલ કેટેગરીનું નામ)

(૨) ગુજરાતી/હિન્દીમાં અરજદારનું પુરું નામ :- ..........................................................
અટક નામ પિતા/પતિનું નામ

અંગ્રેજી કેપીટલ અક્ષરોમાં પુરું નામઃ- ..........................................................
અટક નામ પિતા/પતિનું નામ

(૩) પત્ની/પતિનું નામ :- ..........................................................
અટક નામ પિતા/પતિનું નામ

(અ) અરજદારનું પત્ર વ્યવહાર માટેનું પુરું સરનામું (જૂઓ શરત નં. ૨૬)

..........................................................

.......................................... પીન કોડ નંબર ..........................

(બ) અરજદારનું કાયમી સરનામું :- ..........................................................

.......................................... પીન કોડ નંબર ..........................

(૪) અરજદારનો વૈવાહિક દરજ્જો :- (પરણિત/અપરણિત/વિધવા/વિધૂર/ત્યક્તા) ..........................

(૫) (અ) **અરજદારની ઉંમર:-** (જૂઓ શરત નં.૧૮) ..........................................................................
(બ) **ટેલીફોન નંબર :-** (ઘર) .................................. **(ધંધાનું સ્થળ/સંસ્થા/ઓફીસ ફોન નં) :**............................
(ક) **મોબાઈલ નંબર :-** (પોતાનો) ..........................................................................
ઘરના અન્ય સભ્યોના મોબાઈલ નં. ..........................................................................
(ડ) **ઈ-મેલ એડ્રેસ :-** (જો હોય તો) ..........................................................................

(૬) **અરજદાર હાલ રહે છે તે મકાન અંગેની માહિતી :-**

| લાગુ પડતા ખાનામાં (✓) ટીક કરવું. | | | | આંકડાકીય માહિતી આપવી | | |
|---|---|---|---|---|---|---|
| માલીકનું નામ | ભાડાનું મકાન | કાચુ મકાન | પાકુ મકાન | ક્ષેત્રફળ (ચો.મી.) | રૂમ ની સંખ્યા | કેટલા વર્ષથી રહે છે ? |
| | | | | | | |

(૭) **રહેણાંકના પૂરાવા માટેનો એક તથા ઓળખના પૂરાવા રૂપે એક એમ કોઈપણ બે પૂરાવા હોવા જરૂરી છે. (એક પૂરાવો ફોટો દર્શાવતો હોવો ફરજીયાત છે અને બીજો પૂરાવો રહેણાંકનું સરનામું દર્શાવતો હોવો ફરજીયાત છે.) ઉપર મુજબ આપે બંને પૂરાવા નીચેના ખાનામાં (✓) ટીક કરી તથા તેના નંબર પણ લખવા. (આધાર કાર્ડ ધરાવતા હોય તો તેની માહિતી આપવી ખૂબ જ જરૂરી છે.)**

| મતદાન ઓળખપત્ર નં. | ડ્રાઈવીંગ લાયસન્સ નં. | આધાર કાર્ડ નંબર | ઈન્કમટેક્ષ PAN કાર્ડ અથવા BPL કાર્ડ નં. | રેશન કાર્ડ નં. | સરકારી/અર્ધસરકારી કર્મચારી તરીકેનું ઓળખકાર્ડ નં. | લાઈટબીલ/ ટેક્ષ બીલ નં. |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

(૮) **અરજદારનાં કુટુંબના સભ્યોની વિગત :-** (જુઓ શરત નં.૪)

| અ.નં. | પુરૂં નામ | ઉંમર | અરજદાર સાથેનો સંબંધ |
|---|---|---|---|
| 1. | | | |
| 2. | | | |
| 3. | | | |
| 4. | | | |
| 5. | | | |
| 6. | | | |

(૯) **અરજદારના બેંક ખાતાની વિગત:-** (જરૂર જણાય તો આપની બેંકના અધિકારીશ્રીનું માર્ગદર્શન લેવું.)

| | |
|---|---|
| **બેંકનું નામ :** | |
| **ખાતા નંબર :** | |
| **બ્રાંચ :** | |
| IFSC Code : | MICR Code : |

(૧૦) **કુટુંબના તમામ સભ્યોની મળીને કુટુંબની વાર્ષિક આવક રૂા.** ................................................ (જુઓ શરત નં.૪)
બ. અરજદારની આવકના સ્ત્રોત :- (ધંધો/નોકરી/છૂટક મજૂરી) ..................................................
જેઓના કુટુંબની કુલ વાર્ષિક આવક રૂા. ૩ (ત્રણ) લાખ કરતાં વધુ હશે તે કુટુંબ વાળા આ અરજી કરી શકશે નહિ.

(૧૧) **વારસદારનું/નોમીનીનું પુરૂં નામ :-** ..............................................................................................

સરનામું :- ..............................................................................................................................

..............................................................................................................................................

વારસદાર/નોમીની/અરજદાર સાથેનો સંબંધ (જો હોય તો) :- ...........................................................................

(૧૨) **અરજદારના પસંદગીના સ્થાનની અગ્રિમતા ક્રમાનુસાર જણાવવી.**

(જ્યાં આવાસ બનવાના છે તેવા જુદા જુદા સ્થાનો માટેની યાદી માટે જુઓ પરિશિષ્ટ-૧)

| અ.નં. | યોજનાનો કોડ (અવશ્ય લખવો) | પસંદગીના સ્થાનનું નામ |
|---|---|---|
| 1. | | |
| 2. | | |
| 3. | | |
| 4. | | |
| 5. | | |
| 6. | | |
| 7. | | |
| 8. | | |
| 9. | | |

(૧૩) **અરજી સાથે ભરવાની ડીપોઝીટની વિગત :-**

(અ) રકમ રૂા.૭૫૦૦/- (સાત હજાર પાંચસો પૂરા)

નોંધ :- ડી.ડી./પેઓર્ડર "મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ" ના નામનો લખવાનો રહેશે. ડી.ડી./પેઓર્ડરની પાછળ અરજી ફોર્મ નં. અરજદારનું નામ તથા મોબાઈલ નં. લખવો ફરજીયાત છે.

(બ) બેંકનું નામ :- .......................................................... બ્રાંચ ..........................................

(ક) ડી.ડી./પે ઓર્ડર નંબર :- .................................................. તા.:- ...................... ૨૦૧૭

યોજનાની તમામ વિગતો તથા શરતો મેં વાંચેલ છે. જે મને કબૂલ મંજૂર છે. હું બાંહેધરી આપું છું કે મારા તથા મારા કુટુંબના કોઇપણ સભ્યના નામે ભારત દેશમાં કોઈપણ સ્થળે તેમનું મકાન અથવા જમીનનો પ્લોટ હશે અને આ મુદ્દે જો કોઇ ખોટી રજુઆત કરાયેલી હોવાનું ધ્યાનમાં આવશે તો એલોટમેન્ટ રદ થશે અને ભરેલ ડીપોઝીટની પૂરેપૂરી રકમ જપ્ત કરવામાં આવશે જે મને કબૂલ મંજૂર છે અને રહેશે તથા આ યોજનાનાં અનુસંધાને મકાન મેળવવાના "ડ્રો" માં સફળ થયા બાદ અમ.મ્યુનિ.કોર્પોરેશન જયારે પણ આગળની ભરવાપાત્ર રકમ ભરવાનું જણાવે, તે રકમ ભરવા હું તૈયાર છું અને જો આ રકમ જણાવવામાં આવેલ સમય મર્યાદાની અંદર ભરવામાં હું નિષ્ફળ જઈશ તો આ અરજી સાથે ભરેલ રકમ જપ્ત થશે અને તેથી ફાળવણી પણ રદ થશે. જે મને કબૂલ મંજૂર છે અને રહેશે.

........................................

અરજદારની સહી

## યોજનાની વિગતો

(૧) યોજના અંતર્ગત આવાસો અંદાજે ૨૮.૦૦ ચો.મી.કારપેટ એરીયા(૩૩.૪૮ ચો.વાર) અને બીલ્ટઅપ ૩૩.૦૦ થી ૩૫.૦૦ ચો.મી. (૩૯.૪૫ થી ૪૧.૮૪ ચો.વાર)ના બાંધકામવાળા થશે.

(૨) અંદાજીત ખરેખર થનાર ખર્ચ રૂા.૬.૦૦ લાખનો થાય તેમ છે. (જમીન કિંમત વગર) તે મકાનો લાભાર્થીને મળતી તમામ સરકારી (રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની) સહાય બાદ કરીને રૂા.૩.૦૦ લાખમાં ફાળવવામાં આવશે.

(૩) મેઈન્ટેનન્સ ડીપોઝીટ પઝેશન વખતે રૂા.૩૦,૦૦૦/-અલગથી ભરવાની રહેશે.

(૪) પાયાની તમામ સગવડો જેવી કે પાણી પુરવઠો/ગટરલાઈનની સુવિધા પુરી પાડવામાં આવશે.

(૫) આંગણવાડી/આરોગ્ય કેન્દ્ર/તાલીમ કેન્દ્ર(ઉમ્મીદ)બાળકો માટે ક્રિડાંગણ જેવી સુવિધાઓ માપદંડ મુજબ વધારે આવાસો હોય ત્યાં આપવામાં આવશે.

(૬) અન્ય કોઈ લીગલ ચાર્જ ભરવાના થાય તો લાભાર્થીએ ભરવાના રહેશે.

(૭) દર્શાવેલ પ્લાનીંગ અને બાહ્ય દેખાવ સુચિત છે. જેમાં ટેકનીકલ જરૂરિયાત મુજબ ફેરફાર થવાની શક્યતા છે. જે લાભાર્થીને બંધનકર્તા રહેશે.

અરજીપત્ર રજૂ કરતી વખતે દરેક અરજદારે પોતાના બેંક એકાઉન્ટનો કેન્સલ કરેલ ચેક તથા બેંક એકાઉન્ટની પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ નકલ રીઝર્વ કેટેગરીના અરજદારોએ પોતાની જાતિ અંગેના ગુજરાત રાજ્યના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ તથા વિકલાંગતાનો લાભ ઈચ્છતા અરજદારે (૪૦% કે તેથી વધુ વિકલાંગતા અંગેનું) સીવીલ સર્જનનું પ્રમાણિત સર્ટીફીકેટ ફરજીયાત સામેલ કરવાનું રહેશે. બીજા કોઈ દસ્તાવેજી પૂરાવા બીડવાના નથી. જ્યારે અરજદાર સફળ થાય ત્યાર બાદ અમ.મ્યુનિ.કોર્પોરેશન જે જે દસ્તાવેજી પૂરાવા માંગે તે તમામ દસ્તાવેજો અરજદારે ફરજિયાતપણે સમય મર્યાદામાં રજૂ કરવાના રહેશે.

## શરતો

(૧) અરજદારે અરજી ફોર્મ સાથે ડીપોઝીટની રકમ રૂા.૭,૫૦૦/- (રૂપીયા સાત હજાર પાંચસો પૂરા) ભરવાના રહેશે.

(૨) મકાનની કુલ કિંમતના ઓછામાં ઓછા ૨૦% રકમ (અરજી સાથે ભરપાઇ કરેલ ડીપોઝીટ બાદ કરતાં બાકીની રકમ "ડ્રો"માં સફળ થયા બાદ અમ.મ્યુનિ.કોર્પોરેશન જણાવે ત્યારે અરજદારે ત્રણ માસમાં અચૂકપણે ભરવાની રહેશે. ત્યારબાદ બાકી રહેતી ૮૦% રકમના એક સરખા દસ(૧૦)હપ્તા(અંદાજે એક વર્ષમાં તમામ ૮૦% રકમ જમા થાય તે રીતે) સમયાંતરે અમ.મ્યુનિ.કોર્પોરેશનમાં જમા કરાવવાના રહેશે. તે ઉપરાંત છેલ્લા હપ્તા સાથે મેન્ટેનન્સ ડીપોઝીટ તથા અન્ય ચાર્જીસ પણ ભરપાઇ કરવાના રહેશે.

(૩) આવાસ યોજનાનું બાંધકામ પૂર્ણ થયા બાદ મકાનની નક્કી થયેલ પૂરેપૂરી કિંમત ભરપાઇ કરવાની રહેશે. ત્યારબાદ જ દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ થયેથી અરજદારને તેમને ફાળવવામાં આવેલ મકાનનો કબજો સોંપવામાં આવશે.

(૪) કુટુંબના તમામ સભ્યોની મળીને કુટુંબની કુલ વાર્ષિક આવક રૂા.૩,૦૦,૦૦૦/-થી વધુ હોવી જોઇએ નહિ. આ યોજના માટે જયાં જયાં કુટુંબનો ઉલ્લેખ કરાયેલ છે ત્યાં કુટુંબ એટલે પોતે,પોતાની પત્ની/પતિ,પોતાનાં સગીર બાળકો તથા પોતાનાં આશ્રિત.

(૫) અરજી પત્રક ઉપર ફોટો સ્ટેપલ કરવો નહી. ફોટો માત્ર ગુંદર કે તેવા એડહેસીવ મટીરીયલથી વ્યવસ્થિત રીતે ચોંટાડેલ હોવો જોઇએ.

(૬) વિનિયમો મુજબ આરક્ષિત કેટેગરી માટે મકાનો ફાળવવા નીચે મુજબ આરક્ષણ ફાળવવામાં આવેલ છે. કેટેગરી અંગેનું પ્રમાણપત્ર અમ. મ્યુનિ. કોર્પોરેશનમાં મંગાવે ત્યારે મૂળ સ્વરૂપે (અસલ) રજૂ કરવાનું રહેશે.

| જૂથ | ટકાવારી | પ્રમાણપત્ર |
|---|---|---|
| **ડીફેન્સ** | ૧૦% | **સેક્રેટરી, જીલ્લા સૈનિક બોર્ડ/જીલ્લા સૈનિક કલ્યાણ કચેરી/જીલ્લા સૈનીક કલ્યાણ અને પુર્નવસવાટ દ્વારા અપાયેલુ પ્રમાણપત્ર** |
| **અનુસુચિત જાતિ** | ૭% | **નિયત થતાં ગુજરાત રાજ્યના સરકારી અધિકારીશ્રી દ્વારા અપાયેલ પ્રમાણપત્ર** |
| **અનુસુચિત જનજાતિ** | ૧૪% | |
| **સામાજિક અને આર્થિક રીતે પછાત (બક્ષી પંચ)** | ૧૦% | |
| **અંધજન / અપંગ, અંધજનને અગ્રીમતા રહેશે.** | ૩% | **સિવિલ સર્જન દ્વારા અપાયેલ પ્રમાણપત્ર** |

(૭) આરક્ષણ કેટેગરીમાં સમાવિષ્ટ અરજદારે પોતાની જાતિ અંગેની સાચી વિગત કાળજીપૂર્વક ભરવી. ખોટી કેટેગરી દર્શાવીને અરજી કરનારનું ફોર્મ આપો આપ રદ્દ થયેલું ગણાશે. ખોટી કેટેગરી બતાવીને જે-તે કેટેગરીનો લાભ લેવો તે ફોજદારી ગુનો બને છે.

(૮) અરજદાર પતિ-પત્ની અલગ - અલગ જાતિના હોય તેવા કેસમાં જેના નામે અરજી કરવામાં આવેલ હશે તેની જ જાતિ અંગેનો પૂરાવો માન્ય રાખવામાં આવશે.

(૯) આરક્ષણ કેટેગરીમાં જાતિ આરક્ષણ મેળવવા માટે ગુજરાત રાજ્ય સિવાય બહારના રાજ્યનું જાતિ પ્રમાણપત્ર માન્ય રાખી શકાતું નથી. આવા અરજદારોએ તેમના ગુજરાતમાં થયેલા અધિકૃત વસવાટના સમયગાળાને ધ્યાનમાં લઇ તેઓ તે સમય ગાળા મુજબ જાતિ પ્રમાણપત્ર મેળવવાની યોગ્યતા ધરાવતા હોય તો ગુજરાત રાજ્યનાં સબંધિત સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે. તેથી, જો તેવું પ્રમાણપત્ર રજૂ કરવામાં નહિં આવે તો અરજી / ફાળવણી રદ કરવામાં આવશે.

(૧૦) આરક્ષિત કેટેગરીમાં પૂરતી અરજી ન આવે તો તેના કવોટા અન્ય આરક્ષિત કેટેગરીમાં તબદીલ થશે અને તેમાં પણ અરજીઓ ન આવે તો તેવો ખાલી રહેતો કવોટા જનરલ કેટેગરીમાં તબદીલ કરાશે. આ બાબતે અમ. મ્યુનિ. કોર્પોરેશનનો નિર્ણય આખરી ગણાશે.

(૧૧) મકાનોની ફાળવણી "કોમ્પ્યુટર- ડ્રો" થી કરવામાં આવશે. "ડ્રો" ના અંતે મકાનની ફાળવણી ન થયેલ હોય તેવી અરજીઓ સાથે આપવામાં આવેલ ડીપોઝીટની રકમ અરજદારે સૂચવેલ બેંક ખાતામાં વિના વ્યાજે જમા આપવામાં આવશે.

(૧૨) લોન અપાવવા અંગેની કોઇ જ જવાબદારી અમ.મ્યુનિ.કોર્પોરેશનની રહેશે નહિં. અત્રેથી એમ્પેનલ કરવામાં આવનાર બેંકો પાસેથી લોન મેળવતી વખતે ટ્રાઇપાર્ટીએ એગ્રીમેન્ટ કરવાનો રહેશે. આ સિવાયની બેંકો પાસેથી લોનમેળવવા જરૂરી પુરાવા અમ.મ્યુનિ.કોર્પોરેશન તરફથી અરજદારની માંગણીના અનુસંધાને નિયત ચાર્જ લઇને પૂરા પાડવામાં આવશે. લોનનાં તમામ કેસોમાં લોન મેળવવા માટે થતો તમામ ખર્ચ અરજદારે ભોગવવાનો રહેશે.

(૧૩) આ યોજનાના લાભાર્થીઓ દ્વારા ફરજિયાત પણે એસોશીએશન રચવાનું રહેશે. અ.મ્યુ.કોર્પો. જણાવે ત્યારે સઘળી આંતરિક સુવિધાઓ જેવી કે પાણી પુરવઠો, ગટર, સ્ટ્રીટલાઇટ, રસ્તા, લીફટ વિગેરે સુવિધાઓ તેમના એસોશીએશને સંભાળી લેવાની રહેશે.

(૧૪) આ યોજનાના લાભાર્થીએ દ્વારા એસોશીએશનના નામનું બેંકમાં ખાતું ખોલાવવાનું રહેશે. અમ.મ્યુનિ.કોપેરિશન દ્વારા મકાનની સાથે વસૂલવામાં આવેલ મેન્ટેનન્સ ડીપોઝીટની રકમ સામાન્ય સુવિધાઓ તબદીલ કરતી વેળાએ જ એસોશીએશનના બેંક ખાતે જમા કરાવવામાં આવશે. જે રકમમાંથી સમગ્ર વસાહતની સામાન્ય સુવિધાઓની મરામત / નિભાવની જરૂરી વ્યવસ્થા જે-તે એસોસીએશન દ્વારા જ કરવાની રહેશે.

(૧૫) તમામ લાભાર્થીઓએ અનુક્રમ નંબર ૭ માં આધાર કાર્ડની વિગત ભરવી ફરજીયાત રહેશે.

(૧૬) અમ.મ્યુનિ.કોપેરિશન ની જમીન ઉપર ખૂબ જ રાહતદરે આ આવાસ યોજના હાથ ધરવામાં આવેલી હોઇ ફાળવણીના સાત(૭)વર્ષ સુધી પોતાને ફાળવવામાં આવેલ મકાન અન્ય કોઇપણને તબદીલ કરી શકાશે નહિ તથા ભાડે આપી શકાશે નહીં.

(૧૭) શરત ક્રમાંક ૪ થી વ્યાખ્યાયિત કરેલ કુટુંબના કોઇપણ સભ્યના નામે ભારત દેશમાં કોઈપણ સ્થળે તેમનું મકાન અથવા જમીનનો પ્લોટ હોવો જોઇએ નહીં. આ મુદ્દે જો કોઇ ખોટી રજુઆત કરાયેલી હોવાનું ધ્યાનમાં આવશે તો એલોટમેન્ટ રદ્દ્ કરીને ભરેલ ડીપોઝીટની પૂરેપૂરી રકમ જપ્ત કરવામાં આવશે.

(૧૮) અરજી કરવાની અંતિમ તારીખ સુધીમાં અરજદારની ઉંમર ૧૮ વર્ષ પૂર્ણ થયેલ હોવી જરૂરી છે. ઉંમર અંગે કોઇ મુદ્દો ઉપસ્થિત થાય ત્યારે શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા જન્મનો દાખલો પૂરાવા રૂપે રજૂ કરવાનો રહેશે.

(૧૯) કુટુંબ દીઠ એક જ વ્યકિતના નામે એક જ ફોર્મ ભરી શકાશે. ફોર્મમાં પસંદગીના સ્થાન દર્શાવવાની જગ્યાએ જુઓ (ફોર્મનું ખાનુ નં.૧૨) આપની પસંદગીની અગ્રીમતા અનુસારના ક્રમ દર્શાવવાના રહેશે. આ પસંદગીવાળી કોઇપણ જગ્યાએ કોઇ પણ માળે આવેલું કોઇ પણ આવાસ ફાળવવામાં આવશે તેને માન્ય રાખવાનું રહેશે.

(૨૦) ફાળવવામાં આવેલ આવાસોનું લાભાર્થી દવારા પત્ની/ પતિના સંયુકત નામે સ્ટેમ્પ ડયુટી રજીસ્ટ્રેશન (દસ્તાવેજ) કરાવવાનું રહેશે. જેનો ખર્ચ અરજદારે/લાભાર્થીએ ભોગવવાનો રહેશે.

(૨૧) સંયુકત નામે અરજી કરી શકાશે નહી. કોઇપણ સંસ્થા/ પેઢી / ટ્રસ્ટ કે કંપનીના નામે પણ અરજી કરી શકાશે નહી. કુટુંબદીઠ માત્ર ને માત્ર એક અરજી વ્યકિતગત નામથી જ કરી શકાશે.

(૨૨) અરજદારે પસંદગીના જેટલા સ્થાનોની અગ્રીમતા દર્શાવેલ હશે તેના બદલે અન્ય સ્થાન પર ફાળવણી થયેલ હશે તો તેવા કેસમાં ફાળવણી રદ કરવા અરજી કરવામાં આવશે તો પૂરેપૂરાં નાણાં પરત કરવામાં આવશે.

(૨૩) લાભાર્થીને વેઇટીંગવાળું એલોટમેન્ટ મળેલ હોય તે કેસમાં ફાળવણી કેન્સલ કરાવવા અરજી કરેથી ભરેલ ડીપોઝીટ પૂરેપૂરી પરત મળી શકશે.

(૨૪) લાભાર્થીનું અવસાન થાય અને જો તેમના વારસદારો મકાન મેળવવા ઇચ્છે તો તેઓના કાયદેસરના(સીધી લીટીના)વારસદારોને ફાળવવામાં આવશે. આવા વારસદારના કેસમાં જે નવું કુટુંબ અસ્તિત્વમાં આવશે તેની આવકની મર્યાદા જળવાતી નહિ હોય તો પૂરેપરી રકમ પરત કરવામાં આવશે. ભરેલ ડીપોઝીટ પરત માંગવામાં આવશે તો સીધી લીટીના વારસદારોને ડીપોઝીટ પરત કરવામાં આવશે.

(૨૫) "ડ્રો" માં સફળ થયેલ અરજદાર જો ઉપરોકત ૨૧,૨૨ અને ૨૩ વાળા કારણો સિવાય ફાળવણી રદ્દ્ કરવા વિનંતી કરે તો આ ભરેલ ડીપોઝીટની ૫૦% રકમ જપ્ત કરી ૫૦% રકમ રીફંડ મળશે.

(૨૬) અરજદારે અરજીપત્રકમાં સૂચવેલ કુલ -૬(છ)વિકલ્પો પૈકી ૧ (એક) ફોટો દર્શાવતા અને ૨ (બીજું) રહેઠાણનું સરનામું દર્શાવતા એમ બંને અંગેના પૂરાવા માટેની પ્રમાણિત નકલ આપવી ફરજીયાત છે.

(૨૭) અરજદારે આવક માટે પગાર સ્લીપ, મામલતદારનું પ્રમાણપત્ર, રાજય સરકારનાં અધિકૃત અધિકારીશ્રીનું પ્રમાણપત્ર કે બી.પી.એલ. કાર્ડ રજૂ કરવું ફરજીયાત છે.

(૨૮) અરજદારે પસંદગીના જે વૈકલ્પિક સ્થાનો માટેની રજુઆત કરી છે તે સ્થાન ઉપર કોઇપણ માળે મકાન ફાળવવામાં આવશે. તે ફાળવાયેલ મકાન સિવાય અન્ય સ્થાને કે માળે ટ્રાન્સફર કરી આપવાની કોઇ માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૨૯) મકાનનું પઝેશન સોંપી દીધા બાદ આંતરિક તેમજ બાહ્ય દિવાલોમાં તેમજ સ્ટ્રકચરમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો રહેશે નહીં.

(૩૦) આ યોજનામાં શંજોગોવશાત જો પ્લાનીંગ, લોકેશન, પ્લોટ, ડીઝાઈન, મકાન / બ્લોક નંબરમાં ફેરફાર કરવા અથવા તેને મુલતવી રાખવાનો અમ.મ્યુનિ. કોર્પોરેશનને અબાધિત અધિકાર છે અને રહેશે.

૩૧) કોરાં અરજી પત્રક કોટક મહિન્દ્રા બેન્ક અથવા આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની આ સાથેની જણાવેલી શાખાઓ પરથી બેંકોના ચાલુ દિવસોએ બેંકોના કામકાજનાં કલાકો દરમ્યાન મેળવી શકાશે. અમ.મ્યુનિ.કોર્પોરેશનની અન્ય કોઈપણ કચેરીએથી અરજી પત્રક મળશે નહિ.

૩૨) ભરેલ અરજી ફોર્મ કોટક મહિન્દ્રા બેંક અથવા આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની આ સાથે સામેલ લીસ્ટ મુજબની શાખાઓમાં કામકાજના સમય દરમ્યાન સ્વીકારવામાં આવશે. ટપાલ દ્વારા અરજી સ્વીકારવામાં આવશે નહિ.

૩૩) ઓનલાઈન ફોર્મ તથા ઓન લાઈન નાણાં ભરનારને તેઓની રસીદ પોતે જ ઓનલાઈન પ્રીન્ટ કરી લેવાની રહેશે. જેમનો તેમનો યુનિક આઈ.ડી. નંબર જણાવેલ હશે. (વેબ સાઈટ: ("www.ahmedabadcity.gov.in")

૩૪) અરજદારે અરજીપત્રકમાં જણાવેલ પ્રથમ ક્રમાંકવાળા મોબાઈલ નબર ઉપર "ડ્રો"અંગેની જાણકારી એસ.એમ.એસ.થી મોકલવામાં આવશે.

૩૫) અરજદાર ડ્રો માં સફળ થાય તેથી મકાન ફાળવણી અંગે તેનો હક્ક થતો નથી પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશનના આ અંગેના નિયમોનુસાર અધિકૃત હશે તે અને જરૂરી રકમો આપેલ મુદ્દતમાં ભરેલ હશે તો તેઓની અરજી મકાન ફાળવણી માટે વિચારવામાં આવશે.

૩૬) **અરજીપત્રક મેળવીને તેને પરત કરવાની આખરી તા. ૧૫-૦૬-૨૦૧૭ રહેશે. આ આખરી તારીખ જે-તે બેંકના ઓફીસ અવર્સ દરમ્યાન જ ફોર્મ સ્વીકારવામાં આવશે. ત્યારબાદ કોઈપણ અરજીપત્રક કે વિનંતી પત્ર સ્વીકારવામાં આવશે નહિ.**

૩૭) સદર યોજના અંતર્ગત કોઈ પણ વિસંગતતા ઉપસ્થિત થશે તો તે બાબતે મ્યુનિ.કમિશનરશ્રી અમદાવાદનો નિર્ણય આખરી રહેશે.

હું મારા ધર્મની સોગંદ ખાઈને આ એકરાર કરૂં છું કે, - મેં અરજી ફોર્મમાં જણાવેલ તમામે તમામ માહિતી સાચી રીતે ભરી છે. ફોર્મમાં જણાવેલ સૂચનાઓ તથા માહિતી મેં સમજપૂર્વક વાંચી છે અને આ ફોર્મ સમજી વિચારીને ભરેલ છે અને ફોર્મમાં જણાવેલ સૂચનાઓ તથા શરતો મને સંપૂર્ણપણે કબૂલ મંજૂર છે. જે મને સદૈવ બંધનકર્તા રહેશે.

તારીખ ..............................

સ્થળ ................................

આપનો/આપની વિશ્વાસુ

..................................

સાક્ષીની વિગત

(૧) સહી ............................

પુરું નામ .............................

પુરું સરનામું ..........................................

...............................................

અરજદારની વિગત

(૨) સહી ............................

પુરું નામ .............................

પુરું સરનામું ..........................................

...............................................

## પરિશિષ્ટ-૧

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, પ્રધાનમંત્રી આવાસ યોજના, PHASE-IV

## આર્થિક રીતે નબળા વર્ગના લોકો (EWS-Economically Weaker Section) માટે આવાસ યોજના

| અ.નં. | જગ્યાનું નામ | આવાસોની સંખ્યા | માળ |
|---|---|---|---|
| ૧. | ટી.પી. ૩૨ (ગોતા) ફા.પ્લોટ નં. ૧૭૬+૬૨, શ્લોક હોમ્સ સામે, ગોતા , ખોડલ ફાર્મ સામે | ૫૮૮ | P+7 |
| ૨. | ટી.પી. ૩૧ (ગોતા) , ફા.પ્લોટ નં. ૫૯+૬૩, આર્યન ઈન્ડસ્ટીયલ એસ્ટેટ પાસે, ગોતા | ૪૪૮ | P+7 |
| ૩. | ટી.પી. ૩૧ (ગોતા), ફા.પ્લોટ નં.૬૭, આર્યન ઈન્ડસ્ટીયલ એસ્ટેટ પાસે, ગોતા | ૧૦૫ | P+7 |
| ૪. | ટી.પી. ૪૧ (સોલા), ફા.પ્લોટ નં.૧૫૭, કેનાલ પાસે,જે.ડી. પાર્ટી પ્લોટ | ૧૩૫૮ | P+7 |
| ૫. | ટી.પી. ૪૨ (સોલા -થલતેજ), ફા.પ્લોટ નં.૨૭૧, શ્યામ વિલા બંગ્લોઝ પાસે, ડ્રીમ રેસીડેન્સ પાસે, | ૬૦૨ | P+7 |
| ૬. | ટી.પી. ૪૨ (સોલા -થલતેજ), ફા.પ્લોટ નં.૨૫૯, ધનશ્રી બંગ્લોઝ પાસે, સોલા ગામ પાસે | ૧૪૦ | P+7 |
| ૭. | ટી.પી. ૫૦(બોડકદેવ), ફા.પ્લોટ નં.૩૫૪, પુસ્તમ બંગ્લોઝ સામે, થલતેજ ગામ પાછળ, સોહમ રો હાઉસ પાસે | ૧૬૮ | P+7 |
| ૮. | ટી.પી. ૮૪/એ (મકરબા), ફા.પ્લોટ નં.૯૮/૧,હેદરબાગની ગલીમાં, નજરાના રેસીડેન્સી સામે, મકરબા પોલીસ હેડ કવાટર્સ રોડ | ૯૨૪ | P+7 |
| ૯ | ટી.પી. ૮૪/એ (મકરબા), ફા.પ્લોટ નં.૯૮/૨,હેદરબાગની ગલીમાં, નજરાના રેસીડેન્સી સામે, મકરબા પોલીસ હેડ કવાટર્સ રોડ | ૫૮૮ | P+7 |
| ૧૦ | ટી.પી. ૫૫(ઈશનપુર-દક્ષિણ), ફા.પ્લોટ નં.૧૬૦,પદમાલક્ષ્મી ટેના. ની બાજુમાં | ૧૬૮ | P+7 |
| ૧૧ | ટી.પી. ૫૫(ઈશનપુર-દક્ષિણ), ફા.પ્લોટ નં.૧૬૭,વેરહાઉસીંગ ગોડાઉનની બાજુમાં | ૪૪૮ | P+7 |
| ૧૨ | ટી.પી. ૪૦(સોલા), ફા.પ્લોટ નં.૩૫, સોલા-હેબતપુર હેરીટેઝ બંગ્લોઝની સામે, સ્વામિનારાયણ મંદિર રોડ, સાયન્સસીટી રોડ, સોલા. | ૮૧૨ | P+7 |
| | | | |
| | કુલ | ૬૩૪૯ | |

# સોગંદનામું

આથી હું સહી કરનાર શ્રી/શ્રીમતી ..........................................................................................................
ઉંમર વર્ષ આશરે ............................. ધંધો.......................... રહેવાસી .............................................
........................................................................ તાલુકો ........................ જિલ્લો ..........................
ધર્મે ..................... આથી મારા ધર્મના સોગંદ સાથે આ સોગંદનામા દ્વારા નીચે પ્રમાણેની સત્ય વિગતો અંતઃકરણપૂર્વક જાહેર કરતાં પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે....

૧. અમ.મ્યુનિ.કોર્પોરેશનની હદમાં કે તેને ફરતા ૮ કિ.મી.નાં હદ વિસ્તારમાં મારા કે / મારી પત્ની / પતિ કે કુટુંબના કોઈપણ સભ્યના નામે માલિકીનું રહેણાંકનું મકાન કે જમીન નથી.
૨. મારી તથા મારા કુટુંબની સને ૨૦૧૫-૧૬ ની બધા સાધનોમાંથી વાર્ષિક આવક રૂા. ............................... છે.
૩. હું ........................................ કેટેગરીની વ્યકિત છું. અમ.મ્યુનિ.કોર્પોરેશન તરફથી આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ફાળવવામાં આવનાર મકાનો અંગે જે જાતિ નિયમો કરવામાં આવ્યા છે તે મને બંધનકર્તા છે અને ભવિષ્યમાં જે ફેરફાર કરવામાં આવશે તે મને બંધનકર્તા રહેશે.
૪. અમ.મ્યુનિ.કોર્પોરેશન તરફથી મને જે મકાન ફાળવવામાં આવશે તે અંગેના રજૂ કરાવવાના થતા પૂરાવા તથા અમ.મ્યુનિ.કોર્પોરેશન જણાવે તે મુજબના નિયત સમયમાં હપ્તાની રકમ દંડ કે દંડનીય વ્યાજ, વેરો કે ઈતર રકમ રજીસ્ટ્રેશનનો ખર્ચ/રકમ તે હું અમ.મ્યુનિ.કોર્પોરેશનમાં અથવા અમ.મ્યુનિ.કોર્પોરેશન દ્વારા અધિકૃત કરવામાં આવનાર સંસ્થામાં નિયત સમયમાં આપવા બંધાઉ છું.
૫. આર્થિક રીતે નબળા વર્ગની આ યોજના હેઠળ રચવામાં આવતા એસોશીએશનનો હું સભ્ય થવા સંમત થાઉં છું અને તેના નીતિ નિયમોનું પૂર્ણપણે પાલન કરીશ.
૬. વધુમાં મને કબૂલ મંજૂર છે કે, મારા કુટુંબ દ્વારા મેં આ યોજનામાં એક જ અરજી કરેલ છે અને તે પણ અસલ પ્રમાણપત્રમાં જ, કારણ કે અરજીપત્રકની કોઈપણ પ્રકારની નકલ સ્વીકાર્ય નથી. જો કોઈપણ નંબરના અરજીપત્રકની ફોટોકોપી કરવામાં આવેલ હશે તો ફોટોકોપી તેમજ તે જ નંબરનું અસલ અરજીપત્રક પણ રદ કરવામાં આવશે. તેની પણ મને જાણ છે.
૭. ઉપરોક્ત વિગતો પૈકી કોઈ વિગતો ખોટી ઠરશે તો અમ.મ્યુનિ.કોર્પોરેશન જે કોઈ નિર્ણય કરશે તે મને કબૂલ મંજુર અને બંધનકર્તા રહેશે.

સ્થળ :
તારીખ :

અરજદારની સહી
અરજદારનું નામ

## ફકત કચેરીના ઉપયોગ સારું
## (અરજદારે ભરવું નહિ)
## પરિશિષ્ટ-૨
## "ડ્રો" માટેનું લીસ્ટ તૈયાર કરતાં પહેલાં કરવાની થતી પ્રાથમિક ચકાસણીનું લીસ્ટ

| | હા | ના |
|---|---|---|
| ૧. અરજદારે ફોટો લગાવેલ છે ? | | |
| ૨. નિયત સોગંદનામું રજૂ કરેલ છે ? | | |
| ૩. વાર્ષિક રૂા.૩,૦૦,૦૦૦/-સુધીની આવક મર્યાદામાં આવે છે કે કેમ ? | | |
| ૪. અરજદારની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ છે કે કેમ ? | | |
| ૫. અરજદારે ૭,૫૦૦/- ડીપોઝીટની / રજીસ્ટ્રેશન ફી રકમ જમા કરાવેલ છે ? | | |
| ૬. અરજદારે સહી / અંગુઠો કરેલ છે ? | | |
| ૭. અરજદાર અનુસુચિત જાતિ, બક્ષીપંચ, અંધ/અપંગ, અનુ.જન જાતિ લશ્કર અને પૈકી કઈ કેટેગરીમાં આવે છે. | | |

ફોર્મ "ના મંજૂર" કર્યાનું ટૂંકુ કારણ ..........................................................................................

..........................................................................................................................

**ચકાસણી કરનાર કર્મચારીની સહી અને હોદ્દો** **અધિકારીની સહી**

..........................................................................................................................

## રસીદ

## અરજી ફોર્મ નંબર :- E 4 PA

અરજદાર શ્રી/શ્રીમતી .................................................................. ની અરજી સાથે રૂા. ..................................

અંકે રૂપિયા ......................................................................... પુરાનો ડી.ડી./પે ઓર્ડર નં. ..................................

તા. .................................... નો ઈશ્યુ કરનાર બેંકનું નામ ..................................................................

તથા ............................................ બ્રાંચનો અરજી ડીપોઝીટની રકમ પેટે મળેલ છે.

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વતી**

**સીક્કો** **સ્વીકારનારની સહી**

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, પ્રધાનમંત્રી આવાસ યોજના, PHASE-IV**
**આર્થિક રીતે નબળા વર્ગના લોકો (EWS-Economically Weaker Section) માટે આવાસ યોજના**

# યોજના કોડની વિગત

| અ.નં. | જગ્યાનું નામ | આવાસોની સંખ્યા | યોજનાનો કોડ |
|---|---|---|---|
| ૧ | ટી.પી. ૩૨ (ગોતા) ફા.પ્લોટ નં. ૧૭૬+૬૨, શ્લોક હોમ્સ સામે, ગોતા , ખોડલ ફાર્મ સામે | ૫૮૮ | EWS-31 |
| ૨ | ટી.પી. ૩૧ (ગોતા) , ફા.પ્લોટ નં. ૫૯+૬૩, આર્યન ઈન્ડસ્ટીયલ એસ્ટેટ પાસે, ગોતા | ૪૪૮ | EWS-32 |
| ૩ | ટી.પી. ૩૧ (ગોતા), ફા.પ્લોટ નં.૬૭, આર્યન ઈન્ડસ્ટીયલ એસ્ટેટ પાસે, ગોતા | ૧૦૫ | EWS-33 |
| ૪ | ટી.પી. ૪૧ (સોલા), ફા.પ્લોટ નં.૧૫૭, કેનાલ પાસે,જે.ડી. પાર્ટી પ્લોટ | ૧૩૫૮ | EWS-34 |
| ૫ | ટી.પી. ૪૨ (સોલા -થલતેજ), ફા.પ્લોટ નં. ૨૭૧, શ્યામ વિલા બંગ્લોઝ પાસે, ડ્રીમ રેસીડેન્સ પાસે, | ૫૮૮ | EWS-35 |
| ૬ | ટી.પી. ૪૨ (સોલા -થલતેજ), ફા.પ્લોટ નં. ૨૫૯, ધનશ્રી બંગ્લોઝ પાસે, સોલા ગામ પાસે | ૬૦૨ | EWS-36 |
| ૭ | ટી.પી. ૫૦(બોડકદેવ), ફા.પ્લોટ નં.૩૫૪, પુસ્તમ બંગ્લોઝ સામે, થલતેજ ગામ પાછળ, સોહમ રો હાઉસ પાસે | ૧૪૦ | EWS-37 |
| ૮ | ટી.પી. ૮૪/એ (મકરબા), ફા.પ્લોટ નં.૯૮/૧,હૈદરબાગની ગલીમાં, નજરાના રેસીડેન્સી સામે, મકરબા પોલીસ હેડ કવાટર્સ રોડ | ૧૬૮ | EWS-38 |
| ૯ | ટી.પી. ૮૪/એ (મકરબા), ફા.પ્લોટ નં.૯૮/૨,હૈદરબાગની ગલીમાં, નજરાના રેસીડેન્સી સામે, મકરબા પોલીસ હેડ કવાટર્સ રોડ | ૯૨૪ | EWS-39 |
| ૧૦ | ટી.પી. ૫૫(ઇશનપુર-દક્ષિણ), ફા.પ્લોટ નં.૧૬૦,પદમાલક્ષ્મી ટેના. ની બાજુમાં | ૧૬૮ | EWS-40 |
| ૧૧ | ટી.પી. ૫૫(ઇશનપુર-દક્ષિણ), ફા.પ્લોટ નં.૧૬૭,વેરહાઉસીંગ ગોડાઉનની બાજુમાં | ૪૪૮ | EWS-41 |
| ૧૨ | ટી.પી. ૪૦(સોલા), ફા.પ્લોટ નં.૩૫, સોલા-હેબતપુર હેરીટેઝ બંગ્લોઝની સામે, સ્વામિનારાયણ મંદિર રોડ, સાયન્સસીટી રોડ, સોલા. | ૮૧૨ | EWS-42 |
| | કુલ | ૬૩૪૯ | |